નહેરુ બાલ-પુસ્તકાલય

બાપુ

(ભાગ પહેલો)

લેખક અને ચિત્રકાર

એફ. સી. ફ્રીટસ

અનુવાદ

ચંદ્રકાન્ત મહેતા

nbt.india
एकः सूते सकलम्

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા



ISBN 978-81-237-4140-6


પહેલી આવૃત્તિ 1970
પુનર્મુદ્રણ 2018 (શક 1940)

BAPU – Part I *(Gujarati)*

₹ 40.00

નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા
'નહેરુ ભવન', 5 ઈન્સ્ટીટ્યૂશનલ એરિયા, ફેઝ-II
વસંત કુંજ, નવી દિલ્હી-110070 દ્વારા પ્રકાશિત

www.nbtindia.gov.in



1877ના જાન્યુઆરીની પહેલી તારીખની આ વાત છે. ભારતીય પ્રાચીન ઈતિહાસની એક વખતની પાટનગરી દિલ્હી – કેટલાંયે રાજ્યો અને સામ્રાજ્યોની લાડીલી પાટનગરી દિલ્હી – આનંદઉત્સવઘેલી બની હતી. દેશભરમાંથી સેંકડો રાજા-મહારાજાઓ, નવાબો અને રાજકુમારો દિલ્હીમાં ટોળે વળ્યા હતા. સાચી જરી અને હીરા-મોતી તથા રત્નોથી એમના પોશાક ઝળહળી રહ્યા હતા. એ વખતે હિન્દુસ્તાન ઉપખંડ બ્રિટનની રાણી વિક્ટોરિયાના શાસન હેઠળ હતો. ત્યારે પાટનગર કલકત્તા હતું. રાણી વિક્ટોરિયાના હિન્દુસ્તાન ખાતેના પ્રતિનિધિ વાઈસરૉય લૉર્ડ લીટન એમના રસાલા સાથે છેક કલકત્તાથી દિલ્હી આવ્યા હતા.

શાનદાર દિલ્હી-દરબારમાં ઈંગ્લૅન્ડની રાણી વિક્ટોરિયાને હિન્દુસ્તાનમાં સામ્રાજ્ઞી જાહેર કરવામાં આવ્યાં હતાં અને તેમને 'કૈસર-એ-હિંદ'નું બહુમાન એનાયત થયાની જાહેરાત કરવામાં આવી હતી.

દિલ્હી-દરબારમાં રાજા-મહારાજાઓએ સામ્રાજ્ઞી વિક્ટોરિયાને વફાદાર રહેવાની અને બધી રીતે મદદ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. બ્રિટિશ સામ્રાજ્યની હકૂમત અહીં લાંબો સમય ચાલુ રહે એવી ઉમેદ તેમણે જાહેર કરી હતી.

અને ઘણાં ઘણાં વર્ષો સુધી બ્રિટિશ સત્તા અહીં ચાલુ રહી હોત, પરંતુ નવ વર્ષના એક સુકલકડી છોકરાને કારણે આમ ન બન્યું.

આ છોકરો એ વખતે પાટી ઉપર પલાખાં લખી રહ્યો હતો. ત્યારે પણ તે શિસ્તપાલન અને દૃઢ મનોબળની ભાવના કેળવી રહ્યો હતો. આ સદ્‌ગુણોને વિકસાવીને એ શક્તિશાળી બ્રિટિશ સામ્રાજ્યની હકૂમત હેઠળથી હિન્દુસ્તાનને આઝાદી અપાવી શક્યો હતો.

દિલ્હી-દરબાર પછી લગભગ 70 વર્ષે, મહારાણી વિક્ટોરિયાની ત્રીજી પેઢીના દીકરા ભારતના 20મા વાઈસરૉય લૉર્ડ માઉન્ટબેટને, હિન્દુસ્તાનને સ્વાતંત્ર્ય આપવાની ઘોષણા કરી હતી. પાટીમાં પલાખાં લખનાર મોહનદાસ કરમચંદ ગાંધી હતા. હિન્દુસ્તાનના અહિંસક આઝાદી સંગ્રામના તેઓ સેનાની બન્યા.

મોહનદાસ ગાંધીનો જન્મ બીજી ઑક્ટોબર 1869ના રોજ સૌરાષ્ટ્રના દરિયાકાંઠે આવેલા પોરબંદર ખાતે થયો હતો.





અત્યારના સૌરાષ્ટ્રને એ સમયે કાઠિયાવાડ કહેવામાં આવતું હતું. ત્રણ ભાઈ અને એક બહેન એમ ચાર ભાંડરડાંમાં મોહનદાસ સૌથી નાના હતા. પિતાનું નામ કરમચંદ ગાંધી અથવા કબા ગાંધી. માતાનું નામ પૂતળીબાઈ. તેઓ વાણિયા હતા. ગાંધી એટલે ગાંધીઆણાંની - રોજિંદા વપરાશની વસ્તુના વેપારી. ગાંધી કુટુંબ રજવાડાનું કારભારું કરતું હતું. મોહનદાસના દાદા પોરબંદરના મહારાણાના દીવાન હતા, જ્યારે એમના પિતા કબા ગાંધીએ પોરબંદર, રાજકોટ અને વાંકાનેર રાજ્યના દીવાન તરીકે સેવા બજાવેલી. કબા ગાંધી સાચાબોલા, બહાદુર અને દરિયાદિલ હતા.

મોહનદાસ ઉપર એમનાં મા-બાપના સદ્‌ગુણોની ઊંડી છાપ પડી. ગાંધીજીએ એમની 'આત્મકથા'માં લખ્યું છે કે 'મારી બા સરળ શ્રદ્ધાવાળાં હતાં. દરરોજ દેવમંદિરે જતાં. મને રોજ મંદિરે લઈ જતાં.' આ બધા સંસ્કારોને કારણે બાળક મોહનદાસના નિર્દોષ કુમળા મનમાં ભગવાનમાં અતૂટ શ્રદ્ધા જાગ્રત થઈ. ધાર્મિક ભાવનાને કારણે તેમને સુખ થયું.

મોહનદાસ બાળપણથી જ શરમાળ. ચોપડીની સંગતમાં તેમને આનંદ થતો. એમનાં રોજિંદા જીવનચક્રમાં ઘર, નિશાળ અને મીઠાં હેતભરી એમની બા ઓતપ્રોત બની ગયાં. બા પૂજા-ઉપાસના ને ઉપવાસ પણ કરતાં હતાં.

બાળક મોહનદાસની એકમાત્ર ઉમેદ સાચું બોલવાની આદત કેળવવાની હતી. બૂરું કરનારનુંયે ભલું કરવાનું તેઓ શીખ્યા.

ચોમાસાના ચાર મહિના દરમિયાન પૂતળીબા વ્રત-એકટાણાં પણ કરે. સૂરજ ભગવાનનાં દર્શન કર્યાં પછી જ જમે. વાદળાં જામ્યાં હોય ત્યારે કેટલીયે વખતે મોહનદાસ અને મોટી બેન સૂરજ મહારાજ વાદળાંમાંથી બહાર દેખાય ત્યારે દોડીને બાને વધામણી દેતાં. સૂરજ ન દેખાય ત્યારે તેઓ નિરાશ બની જતાં. માતા તે દિવસે ઉપવાસ કરતાં. મોહનદાસના માબાપે નિશાળમાં શિક્ષણ લીધું ન હતું, પરંતુ બાળકોને નિશાળમાં ભણાવવા તેઓ આતુર હતાં. પોરબંદરની અને રાજકોટની સ્થાનિક નિશાળોમાં મોહનદાસ ભણ્યા હતા. તેઓ ભણતરમાં બહુ પ્રવીણ ન હતા, પરંતુ તેઓ મહેનતુ હતા, નિયમિત હતા. નિશાળની જ ચોપડી તેઓ વાંચતા હતા. કોઈક ધાર્મિક નાટકો પણ જોવામાં તેમને મજા આવતી હતી.





પાડોશમાં એક વખત રામલીલાવાળા આવેલા. 'સત્યવાદી હરિશ્ચંદ્ર' નામનું નાટક ભજવેલું. મોહનદાસ પણ જોવા ગયેલા. રાજા હરિશ્ચંદ્રે વચન અને સત્યપાલન કાજે રાજપાટ છોડ્યાં. વારાણસીમાં દાસ બન્યા. રાણી તારામતી અને પુત્ર રોહિત ઉપર પણ દુ:ખના પહાડ તૂટી પડ્યા. તો પણ હરિશ્ચંદ્ર ડગ્યા ન હતા.

નાટક જોઈને મોહનદાસનું મન દ્રવી ગયું. ભારે મન અને આંસુભરી આંખે તેમણે નિર્ણય કરી લીધો કે જીવનના રસ્તામાં ભલે દુ:ખના ડુંગરા આવે, સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની જેમ હું સત્યવાદી બનીશ અને પ્રામાણિક બનીશ. દિલની ખરી લગનથી તેમણે સત્યનું પાલન કર્યું હતું.

મોહનદાસની સત્યની કસોટી થવાની હશે તે શ્રી ગાઈલ્સ નામના એક અંગ્રેજ રાજકોટની નિશાળની તપાસ માટે આવ્યા. તેમણે બાળકોનાં



અંગ્રેજી સ્પેલિંગ–જોડણીની પરીક્ષા લેવા પાંચ સહેલા શબ્દો લખાવ્યા. મોહનદાસ સિવાયનાં બધાં બાળકોએ પાંચેય શબ્દોના સ્પેલિંગ સાચા લખ્યા, પરંતુ મોહનદાસને ચાની કીટલી – 'કેટલ'નો સ્પેલિંગ ન આવડ્યો.

આમાં ઈન્સ્પેક્ટરની હાજરીમાં શિક્ષકની ભણાવવાની કુશળતાનો સવાલ પણ હતો. બાજુમાં જોઈને 'કેટલ'નો સાચો સ્પેલિંગ લખી લેવા શિક્ષકે મોહનદાસને ઈશારો કર્યો. પરંતુ સત્યના પૂજારીએ બીજાનામાંથી જોઈને ચોરી ન જ કરી. તેઓ મૂગા બની બેસી રહ્યા.

વર્ગનું કામ પૂરું થયા પછી શિક્ષક વઢ્યા હતા. વ્યથિત મને મોહનદાસ ઘેર પાછા ફર્યા. દિલમાં ડોકિયું કરતાં તેમને લાગ્યું કે સત્યના આગ્રહથી એમના મનમાં નૂતન શક્તિ આવી છે : જાણે કોડિયામાં દીવો પ્રગટ્યો.

એ વખતે બાળલગ્નની પ્રથા સામાન્ય હતી. મોહનદાસ 13 વર્ષના હતા ત્યારે 13 વર્ષનાં કસ્તુરબાઈ સાથે એમનાં લગ્ન થઈ ગયાં.

કસ્તુરબા ઊંડી લગનપૂર્વક પોતાનું કામ બજાવતાં હતાં. તેઓ ક્યારેય નિશાળમાં ભણ્યાં ન હતાં. એ વખતે તો તેમને લખતાં-વાંચતાં પણ આવડતું ન હતું. તેઓ ખૂબ શાણાં-સમજુ હતાં. મોહનદાસને તેઓ ઘણાં મદદરૂપ બની રહ્યાં. મુશ્કેલીઓમાં અને દુઃખમાં તેઓ મોહનદાસને સુંદર ટેકારૂપ બનતાં.

મોહનદાસ પોતાનાં નાનકડાં પત્ની ઉપર અપાર હેત રાખતા. એમને એવી લગની લાગી કે હું એને એક આદર્શ પત્ની બનાવું. મોહનદાસ પોતે બાળક જેવડા જ હતા! તેઓ ખરા મનથી ઇચ્છતા હતા કે હું કહું એ જ તેઓ કરે, હું દેખાડું એટલું જ તે જુએ અને મારી વાત સાંભળે. લગ્નથી મોહનદાસના ભણતરમાં ખલેલ પડી, નિશાળનું એક વર્ષ પડ્યું, પરંતુ મોહનદાસના શિક્ષકો એના ઉપર ઘણી માયા-મમતા રાખતા. ભણતર ચાલુ રાખીને એક વર્ષમાં જ બે વર્ષનો અભ્યાસ પૂરો કરવાની તેમણે પ્રેરણા આપી. નવો ઉત્સાહ તથા ખંતથી





મોહનદાસ અભ્યાસમાં લીન થઈ ગયા. કાચા વિષય પાકા કરી લીધા અને એક વર્ષમાં બે ધોરણ પાસ કરી લીધાં.

વિદ્યાર્થી જીવનમાં મોહનદાસ ધીમા, જરાક ઢચુપચુ અને શરમાળ હતા. સખત મહેનત કરીને પાસ થઈ જવા ઉપરાંત, તેમણે દૃઢ ચારિત્ર્ય અને નિર્મળ આબરૂ જમાવવાની મથામણ કરી.

સામાન્ય રમત-ગમતનું મોહનદાસને ઘેલું લાગ્યું ન હતું. ખુલ્લી હવામાં દૂર ફરવા જવાનો એમને શોખ હતો. આમાં તેઓ નિયમિત રહ્યા હતા. આ ટેવ જીવ્યા ત્યાં સુધી તેમણે છોડી ન હતી. તેમણે એમના એક લેખમાં લખેલું છે કે આ ટેવથી મને શક્તિ અને ચેતન મળ્યાં. પરિણામે તેઓ ખડતલ બન્યા, ચેતનથી થનગની ઊઠ્યા અને સત્યમય જીવન જીવી શક્યા.

આમ છતાં, બાળક જેવા મોહનદાસ હજીયે ઘણા માનવી જેવા નબળા મનના હતા. લાલચનો તેઓ ભોગ બની જતા હતા. એક

વખત તેમણે સોનાના એક ટુકડાની ચોરી કરી, પરંતુ એ પછી તેમને પસ્તાવો થયો.

ફરી ક્યારેય પણ ચોરી ન કરવાનો તેમણે પાકો ઈરાદો કર્યો. પિતા કબા ગાંધી પાસે ભૂલ કબૂલ કરવાનો તેમણે નિર્ણય પણ કર્યો. પરંતુ પિતા બીમાર હતા. આથી મોહનદાસની વ્યથામાં વધારો થયો. મોહનદાસે ભૂલ કબૂલ કરી પોતે પશ્ચાત્તાપ માટે તૈયાર છે એવી એક ચિઠ્ઠી લખી.

જ્યારે કબા ગાંધીએ પુત્રની આવી નિખાલસ મનોભાવના વાંચી ત્યારે એમની આંખમાંથી પુત્રપ્રેમના અને મનની પ્રચંડ ભાવનાનાં પૂર આંસુ બની ઊમટ્યાં. ચિઠ્ઠીનો કાગળ ભીનો થયો. ચિઠ્ઠી તેમણે ફાડી નાખી અને પુત્રને માફી આપી દીધી.





મોહનદાસ 16 વર્ષના થયા ત્યારે કબા ગાંધીનો સ્વર્ગવાસ થયો. માંદગી દરમિયાન તેમણે પિતાની ખરા દિલથી સેવા-સારવાર કરી હતી.

પિતા કરમચંદ ગાંધીના અવસાન સમયે હાજર રહી શકાયું ન હતું એ વાતનું દુઃખ મોહનદાસના મનમાં સદાયે ખટકતું રહ્યું હતું.

મોહનદાસે લગભગ 18 વર્ષની વયે, ઈ.સ. 1887માં અમદાવાદ ખાતે મૅટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. તેમની ઇચ્છા ડૉક્ટર બનીને બીમાર લોકોની સેવા કરવાની હતી, પરંતુ એમનાં કુટુંબીઓને આ ગમતું ન હતું.


કુટુંબના એક હિતેચ્છુ વડીલે મોહનદાસને ઇંગ્લૅન્ડ મોકલીને કાયદાનો અભ્યાસ કરાવવાનું સૂચન કર્યું. પરદેશ જવાના વિચારથી મોહનદાસ ઉત્સાહમાં આવી ગયા, પરંતુ જૂની માન્યતા ધરાવતાં પૂતળીબાને આ વાત ગમી ન હતી. ઇંગ્લૅન્ડનાં વિચિત્ર રીતરિવાજ અને બાળક મોહનદાસ સામેનાં ઘણાં બધાં પ્રલોભનો વગેરેના વિચારથી પૂતળીબા ડરતાં હતાં.

પોતાને પરદેશ જવા દેવાની રાજી થઈને રજા આપવા મોહનદાસે માતાને આજીજી કરી અને વચન આપ્યું કે હું માંસ નહિ ખાઉં, દારૂ નહિ પીઉં. માના સંતોષ માટે તેમણે પ્રતિજ્ઞા પણ લીધી. ત્યાંથી તે મુંબઈ ગયા. ઇંગ્લૅન્ડ જતી એક સ્ટીમરમાં તેઓ બેઠા. ઈ.સ. 1888ના ઑક્ટોબરમાં તેઓ લંડન પહોંચી ગયા.

મોહનદાસ સામે ઇંગ્લૅન્ડમાં પારાવાર મુશ્કેલીઓ-અડચણો ઊભી થઈ. એમને અંગ્રેજોની રહેણી-કરણી મુશ્કેલભરી લાગી. ખાવા-પીવાનો સવાલ જબરો હતો. જ્યારે શાકાહારી ભોજન મળે ત્યારે પણ તે તેમને ફિક્કું અને સ્વાદ વિનાનું લાગતું હતું.

ખર્ચાળ હૉટલમાં થોડો સમય રહ્યા પછી તેઓ વધારે સસ્તા અને સારા કુટુંબ સાથે રહેવા ગયા. ત્યાં પણ તેમને એકલવાયું લાગતું હતું.

એક વખત એક આધુનિક હૉટલમાં ગયા ત્યારે મોહનદાસે એક દોસ્ત સાથે જમવાની ના પાડી દીધી હતી. કંટાળીને દોસ્તે મોહનદાસને કહ્યું કે સંસ્કારી સમાજમાં ભળી જવા તમે હજી લાયકાત નથી ધરાવતા. આથી મોહનદાસ વિચાર કરતા થઈ ગયા.





એ પછી મોહનદાસે પૂરા અંગ્રેજી સદ્‌ગૃહસ્થ બનવાનું નક્કી કર્યું. ફેશનેબલ કપડાં તૈયાર કરાવ્યાં, ખિસ્સાઘડિયાળ માટે સોનાની સાંકળી પણ ખરીદી.

પરંતુ, આ તો હજી 'પાશેરામાં પહેલી પૂણી' જેવું હતું. એક પૂરેપૂરા અંગ્રેજી સદ્‌ગૃહસ્થને સંગીતના જ્ઞાન સાથે નાચતાં અને કડકડાટ અંગ્રેજી બોલતાં પણ આવડવું જોઈએ. આથી બોલરૂમ નૃત્યની તેમણે તાલીમ લેવા માંડી. એક વાયોલિન ખરીદ્યું અને પશ્ચિમના સંગીત માટે શિક્ષક પણ રાખ્યો. પણ ઘણી મથામણ છતાં એમને આ ન ફાવ્યું, ન આવડ્યું. નૃત્યના તાલ સાથે એમના પગના ઠેકાનો મેળ મળતો ન હતો. વિલાયતી સંગીત પણ ફાવ્યું નહિ. ત્રણ ત્રણ મહિનાના ભગીરથ પ્રયત્ન પછી મોહનદાસને લાગ્યું કે અંગ્રેજી સદ્‌ગૃહસ્થ બનવાની વાંદર-નકલ કરવાથી હું જાતે જ મૂરખ બનું છું.

તેમણે મનમાં વિચાર્યું કે હું કાયદાના અભ્યાસ માટે અહીં આવ્યો છું. પડછાયાને પકડવાના ફાંફાં મારવા પાછળ શા માટે મારે અમૂલ્ય સમય વેડફી નાખવો? અને ભારે મહેનતે મેળવેલી ભાઈની કમાણી બરબાદ કરવી?

આમ ફેશનેબલ આદતો અને રહેણી-કરણીને તેમણે બિલકુલ છોડી દીધી. તેઓ એક ઓરડીમાં રહેવા લાગ્યા. સવારનો નાસ્તો જાતે જ રાંધી લેતા થયા હતા. રાત્રે વાળુમાં ડબલરોટી, કોકો વગેરે લેતા. એમનો રોજનો ખર્ચ 1 શિલિંગ 3 પેન્સ (લગભગ એક રૂપિયો) જેટલો થવા લાગ્યો. હવે એમના મનમાં ખોટા વિચારો ઘોળાતા ન હતા. એમના હૃદયમાં આનંદ ઊભરાતો હતો.



હવે એમને વધારે સમય મળતો થયો. એથી અભ્યાસ પણ વધારે થઈ શક્યો. તેમણે લંડનની મેટ્રિકની પરીક્ષા પસાર કરી દીધી. લેટિન તેમ જ ફ્રેન્ચ ભાષા પણ તેઓ શીખ્યા. કાયદાની ડિગ્રી માટેની તૈયારીઓ પણ ચાલુ કરી દીધી.

બને એટલી ચોપડીઓ વાંચીને તેમણે ખોરાક અંગેના અખતરાઓ કર્યા હતા. તેમને લાગ્યું કે પ્રમાણમાં શાકાહાર સૌથી વધારે તંદુરસ્ત ભોજન છે.

લંડનમાં મિત્રોને મળીને તેમણે 'વનસ્પતિ-આહારીઓની ક્લબ'ની સ્થાપના કરી હતી. પછી 'વનસ્પતિ-આહારીઓની લંડન સોસાયટી' નામની એક સંસ્થાની સમિતિમાં તેઓ ચૂંટાયા હતા. પરંતુ તેઓ ખૂબ જ શરમાળ હતા એથી બોલી શકતા ન હતા. આથી તેઓ ચર્ચામાં સક્રિય ભાગ લઈ શકતા ન હતા.

મોહનદાસે ખોટો દિલાસો આપતાં પોતાના મનને સમજાવ્યું કે સત્યના ઉપાસક માટે મૂંગા રહેવું એ એક શક્તિશાળી હથિયાર છે. અસત્ય બોલવામાંથી એ ઘણીયે વખત બચાવી લે છે.





નવ મહિનાની સખત મહેનતનો છેલ્લો ગાળો વટાવીને તેમણે 1891ના જૂનની 10મી તારીખે વકીલાતની પરીક્ષા પાસ કરી. ઇંગ્લૅન્ડમાંની વડી અદાલતના વકીલોની યાદીમાં મોહનદાસનું નામ લખાયું. તેઓ પૂરેપૂરા બૅરિસ્ટર બની ગયા હતા.

બીજે જ દિવસે ઇંગ્લેન્ડથી રવાના થવાનું હતું. વનસ્પતિ-આહારી મિત્રસમુદાયને તેમણે વિદાય નિમિત્તે રાત્રિભોજન સમારંભમાં આવવા આમંત્રણ આપ્યું. પ્રાસંગિક ભાષણ સંભાળપૂર્વક લખીને પોતે ગોખી રાખ્યું હતું, પરંતુ ખરે વખતે જ તેઓ ગભરાઈ ગયા. શરૂઆતના શબ્દો વારંવાર બોલવા છતાં તેઓ આગળ બોલી ન શક્યા. જીભ ચાલી જ નહિ. અકળામણ ન જિરવાતાં વ્યથિત મને તેઓ પાછા બેસી ગયા. આવા અનુભવથી આઘાત લાગ્યો.

ઇંગ્લૅન્ડથી સ્ટીમર મારફત જ્યારે તેઓ હિન્દુસ્તાન આવવા રવાના થયા ત્યારે એમના મનમાં અજંપો હતો. વિચારે ચડી ગયા : 'બૅરિસ્ટરની



પરીક્ષા તો પાસ કરી પરંતુ હું ભારતમાં સફળ બનીશ? હિન્દુસ્તાનના કાયદાઓની મને કેટલી જાણકારી છે? હિન્દુસ્તાનની અદાલતોમાં હું પ્રૅક્ટિસ કરી શકીશ?'




ઉતાળ બાની યાદ તાજી બનતાં તેમને આનંદ થતો હતો. 'હું બાને મળીશ; કહીશ કે મેં ઇંગ્લૅન્ડમાં મારી પ્રતિજ્ઞા પૂરી પાળી છે; બા ખૂબ ખૂબ રાજી થઈ જશે!'

મોહનદાસે મુંબઈ ખાતે જ્યારે સ્ટીમરમાંથી જમીન ઉપર પગ મૂક્યો ત્યારે ખબર મળી કે બાનું તો વતનમાં અવસાન થઈ ગયું હતું. તેમનું દિલ ભાંગી ગયું. પરંતુ એમણે મન કઠણ કર્યું. દુઃખ વરતાવા ન દીધું.

રાજકોટ ખાતે થોડું રોકાઈને પોતાની વકીલાતના શ્રીગણેશ કરવા મોહનદાસ મુંબઈ પાછા ફર્યા. નાના દાવાઓનો નિકાલ કરતી અદાલતમાં એમને પહેલો કેસ મળ્યો. આ માટે ગાંધીજીને ફી તરીકે રૂપિયા 30 આપવાનું નક્કી થયું હતું.


જ્યારે સાક્ષીને સવાલ પૂછવાનો વારો આવ્યો ત્યારે ગાંધીજીની મતિ મૂંઝાઈ ગઈ. એક શબ્દ પણ બોલી ન શક્યા. અદાલતમાં જાણે સોપો પડી ગયો. ગાંધીજી ગબડ્યા. એમને નામોશી લાગી. છેવટે હાર સ્વીકારી તેઓ માંડમાંડ બેસી ગયા. અદાલતમાં સહુની હાજરીમાં એમની હાંસી થઈ.



મુંબઈથી ગાંધીજી રાજકોટ પાછા ગયા તો ત્યાં પણ મુશ્કેલી સામે જ ઊભી થઈ. એમના ભાઈની વિરુદ્ધમાં કોઈ એક કેસ ચાલતો હતો. ભાઈને મદદની જરૂર હતી. ગાંધીજીની ઈચ્છા ન હતી છતાં રાજકોટ ખાતેના બ્રિટિશ પોલિટિકલ એજન્ટ (વાઈસરૉયના પ્રતિનિધિ) પાસે જઈને બે શબ્દો બોલવાનું ગાંધીજીને આગ્રહ સાથે કહેવામાં આવ્યું. આ અંગ્રેજ અમલદારને ગાંધીજી ઈંગ્લૅન્ડમાં મળેલા.


ગાંધીજી જ્યારે એજન્ટને મળવા ગયા ત્યારે તેમણે ગાંધીજીની વાત સાંભળવાની સાફ ના પાડી અને બહાર ચાલ્યા જવા કહ્યું. ગાંધીજી હઠ કરવા બેઠા ત્યારે અંગ્રેજે ગાંધીજીને ત્યાંથી બહાર કાઢી મૂકવા પટ્ટાવાળાને બોલાવ્યો.

આ ભારે અપમાને દેશમાં અંગ્રેજોની કઠોર રીતભાતનો ગાંધીજીને ખરો ખ્યાલ કરાવ્યો. આ આઘાતને કારણે ગાંધીજીનું જીવન બદલાયું.






ગાંધીજીના જીવનમાં આવેલા પરિવર્તનને કારણે, દક્ષિણ આફ્રિકામાંની 'દાદા અબ્દુલ્લા' નામની એક હિન્દુસ્તાની પેઢીએ, એક વર્ષ માટે ગાંધીજીને પોતાના કાયદાના સલાહકાર તરીકે બોલાવ્યા ત્યારે તેમણે રાજીથી હા કહી 1893ના એપ્રિલમાં તેઓ મુંબઈથી આગબોટમાં બેસી મેમાં આફ્રિકાના નાતાલ બંદરે પહોંચ્યા.



દક્ષિણ આફ્રિકામાંની પરિસ્થિતિ જોઈને ગાંધીજીને દુઃખ થયું. દેશવાસીઓનો તિરસ્કાર થતો હતો. તેઓને કોઈ હક્ક મળ્યા ન હતા. ભણેલાગણેલાઓ પણ દક્ષિણ આફ્રિકામાંના યુરોપિયનો સાથે હળીમળી શકતા ન હતા. યુરોપિયનો હિન્દુસ્તાની લોકોને 'કૂલી' મજૂર કહેતા હતા. તેઓ ગાંધીજીને 'કૂલી બૅરિસ્ટર' તરીકે બોલાવતા હતા.

એ પછી થોડા વખતમાં ગાંધીજીને ગોરા લોકોનો કડવો અનુભવ થયો. પહેલા વર્ગની ટિકિટ સાથે પહેલા વર્ગમાં બેસીને ગાંધીજી રેલવે ટ્રેનમાં પ્રિટોરીઆ જતા હતા. એક સ્ટેશને ડબ્બામાં એક યુરોપિયન પેસેન્જર ચડ્યો. એક કાળા માણસને ડબ્બામાં જોતાં જ તેણે રેલવે અમલદારને ફરિયાદ કરી. અમલદારે ગાંધીજીને પહેલા વર્ગનો ડબ્બો ખાલી કરીને સામાન ભરવાના ડબ્બામાં મુસાફરી કરવા જણાવ્યું. ગાંધીજીએ 'મારી પાસે ફર્સ્ટક્લાસની રેલવે ટિકિટ છે' એમ કહ્યું તો પણ એક પોલીસે ગાંધીજીને પકડીને ડબ્બાની બહાર ફેંકી દીધા. રાતના ૧ વાગ્યા હતા. ઠંડી પણ ખૂબ હતી. આખી રાત ઠંડીથી ધ્રૂજતા તેમણે વેઈટિંગ-રૂમમાં જ વિતાવી.






બીજે દિવસે સવારે ગાંધીજી ચાર્લ્સટાઉન પહોંચી ગયા. ત્યાંથી તેમણે જોહાનિસબર્ગની સરકારી ઘોડાગાડીની ટિકિટ ખરીદી. ઘોડાગાડીમાં ગોરા પેસેન્જરો બેઠા હતા. આથી ગાંધીજીને કોચવાનની બાજુમાં બહાર જગ્યા આપવામાં આવી હતી. ખોટી તકરાર ટાળવા ગાંધીજીએ ત્યાં બેઠક જમાવી. રસ્તે એક વિસામો આવ્યો. ત્યાં એક ગોરા માણસે ગાંધીજીને તોછડાઈથી હુકમ કરી એ જગ્યા ખાલી કરીને પગ રાખવાની જગ્યાના એક ગંધાતા ગુણિયાવાળા પાટિયા ઉપર બેસી જવા કહ્યું.

ગાંધીજી પોતાની જગ્યાએથી ડગ્યા નહિ. ગુસ્સે ભરાયેલા ગોરા માણસે કાંડું પકડીને ગાંધીજીને નીચે પાડી નાખવાની કોશિશ કરી. તમાચા મારવા માંડ્યા. સારે નસીબે બીજાઓ મદદમાં આવ્યા. છેવટે ગાંધીજીને ત્યાં જ બેઠા રહીને સફર પૂરી કરવા દેવા સૌ કબૂલ થયા.

આ કડવા અનુભવોથી દક્ષિણ આફ્રિકામાંના પોતાના દેશવાસીઓની મુશ્કેલીનો અંત લાવવા ગાંધીજીની તમન્ના બુલંદ બની. જ્યારે ગાંધીજી પ્રિટોરીઆ જઈ પહોંચ્યા ત્યારે તેમણે હિન્દુસ્તાની લોકોને મળવાનું કામ શરૂ કરી દીધું. તેઓને સંગઠિત કરવાનો ગાંધીજીનો ઈરાદો હતો. અલગ પડી ગયેલા હિન્દુસ્તાની લોકોને ગોરાઓ વધુ હેરાન કરી શકે એ વાત ગાંધીજીએ સમજાવી.

પરિણામે ત્યાં રહેતા તમામ દેશવાસીઓની એક સભા મળી. એમાં ગાંધીજીએ સૌ પહેલું જાહેર ભાષણ કર્યું. એકતાની તાતી જરૂર અંગે બે શબ્દો કહ્યા. વેપાર-ધંધામાં ઈમાનદારીની જરૂર અને ચોખ્ખા તંદુરસ્ત વાતાવરણમાં રહેવાની વાતનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. વેઠવી પડતી મુશ્કેલીઓ દૂર કરવા અને પોતાની ભલાઈનાં કામ બજાવવા એક મંડળ (સંસ્થા) ઊભું કરવાની પણ તેમણે લોકોને અપીલ કરી.

એક વર્ષ માટે દક્ષિણ આફ્રિકા ગયેલા ગાંધીજીની સેવાની ત્યાં જરૂર વરતાતા તેઓ ત્રણ વર્ષ સુધી ત્યાં રહ્યા હતા.






પેલા જે કેસ માટે ગાંધીજીને બોલાવવામાં આવેલા તેનું તેમણે કોર્ટ બહાર સમાધાન કરાવ્યું હતું. ઉપરાંત, કેટલાયે હિન્દુસ્તાનીઓને તેમણે મદદ કરેલી. બાલા સુન્દરમ્ નામના કામદારના મશહૂર બનેલા એક કેસમાં પણ ગાંધીજીએ મદદ કરી હતી.


1896માં ત્યાંથી તેઓ કુટુંબને લઈ જવા માટે હિન્દુસ્તાન પાછા ફર્યા હતા. દક્ષિણ આફ્રિકામાંના લોકોની મુશ્કેલીઓની ખબર તેમણે હિન્દુસ્તાનમાં ફેલાવી. જલદી પાછા આવવાનો તાર મળતાં ગાંધીજી, બે દીકરાઓ, પત્ની અને એક ભત્રીજાને સાથે લઈને ડરબન જવા રવાના થયા.



ગાંધીજીનાં ભાષણની ખબરથી ત્યાંના ગોરાઓ ગુસ્સે થયેલા. ગાંધીજીને ત્યાં બંદર ઉપર ઊતરવા ન દેવા ગોરાઓએ ધમપછાડા કર્યા. એમની સ્ટીમરને પાંચ દિવસ સુધી બંદરે રોકી રાખવામાં આવી. છેવટે બન્ને સ્ટીમરોના માલિક દાદા અબ્દુલ્લાની કંપનીએ મથામણ કરી ત્યારે 800 હિન્દુસ્તાની સાથે ગાંધીજીને ડરબન બંદરે ઊતરવા દેવાની રજા મળી શકી. ડરબનના ગોરાઓની ધાકધમકીને કારણે ગાંધીજીને અંધારું થયા પછી સ્ટીમરમાંથી ઊતરી ડરબનમાં આવવાની સલાહ આપવામાં આવી હતી. પરંતુ આવી રીતે ડરપોક બનવું ગાંધીજીને ન ગમ્યું. શ્રી લાફટન નામના યુરોપિયન વકીલ દોસ્તની સાથે ધોળે દિવસે ગાંધીજી કિનારે ઊતર્યા.



ગાંધીજીને લોકો તરત ઓળખી ગયા. થોડા છોકરાઓ પથરા ફેંકીને બૂમબરાડા પાડવા લાગ્યા. જોતજોતામાં મોટું ટોળું જામી ગયું. અચાનક એક પડછંદ ગોરાએ ગાંધીજીને તમાચા-લાતો મારી, કોઈકે પથરા માર્યા, કોઈએ પાઘડી ફાડી નાખી. માર ખાઈને લગભગ બેભાન જેવા બની ગયેલા ગાંધીજીએ એક મકાનની જાળી પકડી. જરા જીવમાં જીવ આવ્યો ત્યારે પાછું ચાલવું શરૂ કર્યું. એટલામાં ત્યાંના પોલીસના વડા શ્રી એલેકઝાંડરના પત્ની આવી ગયાં. તેઓએ ભારે હિંમત દાખવી. છત્રી ખોલીને ગાંધીજીની



ઢાલ બનાવી. આ મહિલાને છંછેડવાની ટોળાની મજાલ ન હતી. શ્રીમતી એલેકઝાંડરની સાથે ગાંધીજી પોલીસ સ્ટેશને ગયા. પછી ત્યાંથી સહીસલામત શ્રી રૂસ્તમજી નામના મિત્રને ઘેર પહોંચી ગયા.

ગાંધીજીએ ત્યાં એમનું કામ આગળ ધપાવ્યું. 'નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ' નામની સંસ્થાને વ્યવસ્થિત કરી. મજૂરોને પણ મદદ કરી.


'ફરીથી જરૂર જણાય તો દક્ષિણ આફ્રિકા આવીશ.' એવું વચન આપીને ઈ.સ. 1901માં ગાંધીજી ભારત પાછા ફર્યા. એ જ વર્ષે કલકત્તા ખાતેની કૉંગ્રેસની બેઠકમાં પણ હાજરી આપી. કલકત્તા ખાતે શ્રી ગોખલે તથા સર ફિરોઝશાહ મહેતાની મદદ મેળવીને ગાંધીજીએ કૉંગ્રેસના અધિવેશનમાં દક્ષિણ આફ્રિકા અંગેનો એક ઠરાવ પસાર કરાવ્યો હતો. 1902ના માર્ચમાં તારથી તેડું થતાં ગાંધીજી ફરીથી દક્ષિણ આફ્રિકા જવા ઊપડ્યા. આ વખતે 12 વર્ષ સુધી તેઓ ત્યાં રહ્યા હતા.

હિન્દુસ્તાનીઓને પરમીટ મેળવ્યા વિના ટ્રાન્સવાલમાં દાખલ થવા દેવામાં આવતા ન હતા. આથી



આ કામ ઉપાડી લેવાનું ગાંધીજીએ નક્કી કર્યું. જોહાનિસબર્ગમાં ગાંધીજીએ પોતાની વકીલાતની ઑફિસ ખોલી અને ત્યાંથી જ દેશવાસીઓની લાંબા સમયથી ચાલુ રહેતી યાતનાઓ નાબૂદ કરવાનાં કામના શ્રીગણેશ કર્યા.

ઈ.સ. 1906ની 22મી ઑગસ્ટે ટ્રાન્સવાલ સરકારે એક વટહુકમ બહાર પાડ્યો. આ હુકમની રૂએ, 8થી વધુ વર્ષની ઉંમરનાં તમામ હિન્દુસ્તાનીઓ માટે સરકારી દફતરમાં નામ, ઠામ વગેરે નોંધાવવાનું ફરજિયાત બનતું હતું. આંગળાની છાપ અને શરીર ઉપરનાં તલ, મસા વગેરે ઓળખી શકાય એવાં નિશાનો પણ લખાવવાં પડતાં હતાં. ઉપરાંત, તમામ હિન્દુસ્તાનીઓ, ગમે ત્યાં જાય તો પણ, સાથે સરકારી સર્ટિફિકેટ લઈ જાય, રસ્તામાં પોલીસ માગે ત્યારે એ બતાવવું પડે, વગેરે ભારે નિયંત્રણ હુકમો પણ લાદવામાં આવ્યા. આમ નહિ કરનારને દંડ અને જેલની સજા અથવા તો દેશનિકાલ પણ કરી શકાય એવી જોગવાઈ હતી.



હિન્દુસ્તાનીઓના ભારે અપમાન જેવા આ વટહુકમ સામે કમર કસવાનો નિર્ણય લેવાયો. જોહાનિસબર્ગમાં ત્રણ હજાર હિન્દુસ્તાનીઓએ પરમેશ્વરના નામે સોગંદ લીધા કે તેઓ પોતાનાં રજિસ્ટ્રેશનો નહિ કરાવે. ટ્રાન્સવાલની સરકાર પણ ધાર્યું કરવા જિદ્દી બની હતી. આ 'કાળો કાયદો' 1907ના જુલાઈની પહેલીથી અમલમાં આવ્યો. એ જ દિવસે, પ્રિટોરીઆમાં, એક મસ્જિદના મેદાન ખાતે હિન્દુસ્તાનીઓની એક જબરદસ્ત બેઠક મળી. પાકા ઈરાદાની ફરી ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી. ખરેખર, લોકોએ પ્રતિજ્ઞાનું પાલન કરી દેખાડ્યું. ટ્રાન્સવાલના 13 હજાર જેટલામાંથી 500થી યે ઓછાં હિન્દુસ્તાનીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યાં. એખલાસ અને એકતાનો જ્વલંત વિજય થયો.


સરકારે સામો ફટકો માર્યો. ત્યાંના હિન્દુસ્તાની આગેવાનોને ટ્રાન્સવાલ છોડી જતાં રહેવા 14 દિવસની અવધિ આપવામાં આવી.



પરંતુ એની પરવા કર્યા વિના તેઓ ત્યાં જ રહ્યા. એમની ધરપકડ થઈ. અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું. ગાંધીજીને બે મહિનાની જેલની સજા ફટકારવામાં આવી. બીજા 150 હિન્દુસ્તાનીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા.

જેલમાં એક લેખિત કરાર ગાંધીજીને બતાવવામાં આવ્યો. એમાં આશા આપવામાં આવી હતી કે જો હિન્દુસ્તાનીઓ રાજી થઈને રજિસ્ટ્રેશન કરાવશે તો 'કાળો કાયદો' દૂર કરવામાં આવશે. ઉપરાંત, સર્ટિફિકેટનાં લખાણમાં કઈ કઈ બાબતો લખવી તે અંગે સલાહ પૂછીને સરકાર નક્કી કરશે.

ત્યારપછી બે દિવસે ગાંધીજી ટ્રાન્સવાલના વડાપ્રધાન જનરલ જેન સ્ટમસને મળ્યા. વડાપ્રધાને 'કાળો કાયદો' રદબાતલ કરી દેવાનું વચન દીધું. એ પછી બીજે દિવસે સવારે ગાંધીજી તથા બીજા સાથીઓને જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા.



ગાંધીજીએ પ્રિટોરીઆ પહોંચીને મધરાતે મળેલા એક હજાર લોકોનાં ટોળાંને કરારની વાત સમજાવી. લોકોના મનમાં કરાર અંગે શંકા-કુશંકાઓ જાગી. ઘણા લોકો ખરી વાતનો દોર પકડી ન શક્યા.


વહેલી સવારે રજિસ્ટ્રેશન ઑફિસ ભણી જતી વેળાએ ત્રણ પઠાણે ગાંધીજીને સવાલો પૂછવા રસ્તો રોક્યો. ઉતાવળિયા એક પઠાણે ગાંધીને લાઠીથી ફટકાર્યા. બીજા પઠાણોએ પણ લાતો અને ગડદા માર્યા. મૂઢમારથી બેભાન બનીને ગાંધીજી ગબડી ગયા.

ભાનમાં આવીને ગાંધીજીએ સૌ પહેલું કામ પોતાને માર મારનાર પઠાણ મીર આલમને માફી બક્ષવાનું કર્યું.





મક્કમ હિંમતથી ગાંધીજી આવા ખતરાનો મુકાબલો કરતા રહ્યા. એક વખતની વાત છે. જોહાનિસબર્ગની એક જબરી સભા પછી ગાંધીજી ચાલતા પાછા આવી રહ્યા હતા ત્યાં એક પડછાયો નજરે પડ્યો. પાસે જઈને ગાંધીજીએ હેતથી એના વાંસે હાથ ફેરવ્યો. બે મીઠા શબ્દો કહ્યા. પેલો માણસ મૂંઝાયો. માંડ બોલી શક્યો. આમ વાતો કરતાં બન્ને થોડું આગળ ચાલ્યા. પેલો માણસ ગાંધીજીને ચાકુ ઘોંચી મારી નાખવાના ઈરાદે આવેલો! પરંતુ અંતે, ચાકુ ગાંધીજીને સોંપી દઈને ત્યાંથી જુદો પડી ગયો હતો.




ટ્રાન્સવાલના વડાપ્રધાન જનરલ જેન સ્ટમસે વચન પાળ્યું નહિ. કાળા કાયદાને ફોક કરવાનો તેમણે ઇનકાર કરી દીધો. હિન્દુસ્તાનીઓ ફરીથી એ જ મસ્જિદ ખાતે ભેગા મળ્યા. સર્ટિફિકેટોની જબરી હોળી પ્રગટાવી. હોળીની આગ પ્રચંડ બની. ધૂમાડો ઊંચે ચડ્યો. બીજા લોકોએ પણ આગળ આવીને સર્ટિફિકેટોની હોળી કરી. બેએક હજાર સર્ટિફિકેટો સળગીને રાખ બની ગયાં. ગાંધીજી સહિત હિન્દુસ્તાની આગેવાનોની સરકારે ધરપકડ કરી. ઉપરાંત, હવે સર્ટિફિકેટો વિનાના હિન્દુસ્તાનીઓને ટ્રાન્સવાલમાં વધુ રોકવાનો કોઈ હક્ક ન રહ્યો. કાયદાનો ભંગ કરનારને કેદના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા.

ગાંધીજી કેટલીયે વખત જેલ ભોગવી ચૂક્યા હતા. કેટલીયે વાર જેલમાં તેઓને ભારે મજૂરીનાં કામ કરવા પડતાં હતાં.

જેલમાંની ગાંધીની ટોપી, આગળ જતાં આઝાદી સંગ્રામનું એક પ્રતીક બની ગઈ હતી.

ઈ.સ. 1909ના જૂનમાં, એક પ્રતિનિધિમંડળમાં ગાંધીજી ઇંગ્લેન્ડ ગયા, પરંતુ હિન્દુસ્તાનીઓ માટે કંઈ પણ રાહત મેળવ્યા વિના જ તેઓ પાછા ફર્યા હતા.




HIND
SWARAJ

દરિયાઈ સફરમાં જહાજના તૂતક ઉપર અકળાયેલા તથા વિષાદપૂર્ણ ગાંધીજીએ ગુજરાતીમાં 'હિંદસ્વરાજ' નામની મશહૂર ચોપડી લખી. એમાં તેમણે પોતાની તમામ ધાર્મિક, રાજકીય, સામાજિક માન્યતાઓની ચોખવટભરી સમજણ આપી છે.


એમાં ધિક્કારને બદલે સ્નેહ, હિંસાને બદલે અહિંસા તથા જંગલી તાકાતની જગ્યાએ આત્માની શક્તિનો ઉપયોગ કરવાની પોતાની વાત સમજાવી છે.

દક્ષિણ આફ્રિકામાં એની કસોટી થઈ.

ઈ.સ. 1913ના માર્ચમાં કેઈપની સર્વોચ્ચ અદાલતે તમામ હિન્દુ, મુસલમાન અને પારસીઓનાં લગ્નો ફોક કરી નાખ્યાં; સરકારે તેને ટેકો આપ્યો. ગાંધીજીએ 'સત્યાગ્રહ' કરવાનું નક્કી કર્યું. શાંતિથી ટ્રાન્સવાલ ખાતે સરઘસ લઈને જવાની અને સવિનય રીતે કાયદાને તોડવાની યોજના બનાવી. સર્ટિફિકેટ વિના ટ્રાન્સવાલ ખાતે જવાનો તેઓને અધિકાર ન હતો અને એથી સત્યાગ્રહીઓની ત્યાં ધરપકડ પણ થવાની એમ ગાંધીજીએ વિચાર્યું હતું.

ઈ.સ. 1913ના ઑક્ટોબરની 28મી તારીખે સત્યાગ્રહીઓની વિરાટ કૂચ શરૂ થઈ. મોખરે ગાંધીજી અને એમની પાછળ 2500 જેટલાં સ્ત્રી-પુરુષો અને બાળકો પણ જોડાયાં હતાં. 'ન્યૂ કેસલ'થી ઊપડેલી આ જબ્બર શાંતિસેના 36 માઈલનો પંથ કાપીને ટ્રાન્સવાલ ખાતે પહોંચી.

સત્યાગ્રહીઓની આ અભૂતપૂર્વ શાંતિસેના માટે દુનિયાભરમાંથી સહાનુભૂતિ અને સમર્થન મળ્યાં. લાખો લોકોનાં મનમાં આદરભાવ જાગ્યો.



ચાર દિવસ સુધી કૂચ કરીને શાંતિસેના ટ્રાન્સવાલ પહોંચી. ચોથે દિવસે સત્યાગ્રહીઓની ધરપકડ થઈ. રેલવે ટ્રેન મારફત તેઓને બીજે મોકલી આપવામાં આવ્યા. ગાંધીજીને પકડીને 3 મહિનાની જેલની સજા ફટકારવામાં આવી.

આ આંદોલનમાં સામેલ થવા બીજા નેતાઓ પણ હિન્દુસ્તાનથી આવી પહોંચ્યા. ગાંધીજીને છોડી મૂકવામાં આવતાં તેમણે નેતાઓનું સ્વાગત કર્યું.




હવે ત્યાંની સરકારે ઉકેલ શોધવાની કોશિશ શરૂ કરી. હિન્દુસ્તાન વિરોધી એવા ઘણા સભ્યોના બનેલા એક ખાસ પંચની સ્થાપના થઈ, છતાં હિન્દુસ્તાનીઓની જીત થઈ. પંચે તમામ માગણીઓ પૂરી કરવાની ભલામણ કરી. મુખ્ય મોરચો ફતેહ થઈ ગયો હતો. ગાંધીજી સ્વદેશ જવા હવે તૈયાર થયા.

હિન્દુસ્તાનમાં અવનવાં પરિવર્તનો થઈ રહ્યાં હતાં. તમામ લોકોએ સુસંગઠિત બનવું જોઈએ એવી તમન્ના જોર પકડી રહી હતી.



આ તમન્ના 'હિંદ રાષ્ટ્રીય કૉંગ્રેસ'નો જન્મ થયા પછી અધિક બુલંદ બની. 1885માં, એલન ઑક્ટેવિયન હ્યૂમ નામના એક અંગ્રેજે, હિન્દુસ્તાનની પ્રગતિ માટે કામ કરવા માગતા હોય એવા નેતાઓ અને લોકોને એકઠા કરવાનો વિચાર કર્યો. આવી સંસ્થા ઊભી કરવામાં આવે તો તેઓ પરસ્પર મળી ચર્ચા-વિચારણા પણ કરી શકે. નાના પાયાની જુદી જુદી પ્રવૃત્તિઓ જુદી જુદી જગ્યાએ કરવા કરતાં આવી સંસ્થા મારફત સહિયારું કદમ ભરી શકાય.




'હિન્દી રાષ્ટ્રીય કૉંગ્રેસ' સંસ્થાની સૌ પહેલી બેઠક મુંબઈ ખાતે ગોકુળદાસ તેજપાળ સંસ્કૃત પાઠશાળામાં ઈ.સ. 1885ના ડિસેમ્બરની 18મી તારીખે મળી હતી.

આ બેઠકમાં દેશના તમામ ભાગના, તમામ ધર્મના 72 આમંત્રિત મહેમાનો તથા કેટલાંક અંગ્રેજોએ હાજરી આપી. બંગાળના વ્યોમેશચંદ્ર બેનરજીએ એનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. ત્રણ દિવસના એ ઐતિહાસિક અધિવેશનની પૂર્ણાહુતિ પ્રસંગે મહારાણી વિક્ટોરિયાનો ત્રણ ત્રણ વખત લોકોએ જયજયકાર બોલાવ્યો હતો.

કૉંગ્રેસની બેઠકની ખબરથી લોકોમાં જબરદસ્ત રસ જાગ્યો. શરૂશરૂમાં કૉંગ્રેસની બેઠક એક ચર્ચાસભા જેવી જ લાગતી હતી. બ્રિટિશ સરકારની મારફત હિન્દુસ્તાનનાં વિકાસકાર્યો હાથ ધરવાની એની મુરાદ હતી.

શરૂઆતનાં કૉંગ્રેસનાં અધિવેશનોમાં બ્રિટિશ રાજા-રાણીઓનાં ચિત્રો તથા બ્રિટિશ રાષ્ટ્રધ્વજ 'યુનિયન-જૅક'ને મહત્ત્વની જગ્યાએ મૂકવામાં આવતાં હતાં.

આગળ જતાં, ગાંધીજીની આગેવાની હેઠળ કૉંગ્રેસે હિન્દુસ્તાનની સ્વતંત્રતાની હિમાયત કરવા માંડી. દેશમાંનાં તમામ કોમનાં નર-નારી કૉંગ્રેસ ભણી ખેંચાયાં. દૂરદૂરનાં ગામ સુધી પણ કૉંગ્રેસનો સંદેશ પહોંચી ગયો હતો. આથી હિન્દુસ્તાનની તવારીખનાં વહેણ બદલાયાં.





હિન્દુસ્તાનમાં જ્યારે આમ ચાલી રહ્યું હતું ત્યારે ગાંધીજીએ ઈ.સ. 1914ના જુલાઈની 18મી તારીખે દક્ષિણ આફ્રિકા છોડ્યું. હજારો નરનારીઓએ આંસુભરી આંખે, હૈયાના હેતથી ગાંધીજીને વિદાય આપી હતી. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને લોકોનો જે સ્નેહ મળ્યો હતો તે અભૂતપૂર્વ હતો.

દક્ષિણ આફ્રિકાથી ઇંગ્લૅન્ડ થોડું રોકાઈ ગાંધીજી હિન્દુસ્તાન પાછા આવ્યા.

ગાંધીજીના સન્માનમાં મુંબઈ ખાતે કેટકેટલાય સ્વાગત-સમારંભો યોજાયા. એમાંના એક મેળાવડામાં મહમ્મદઅલી જિન્હાએ પણ ગાંધીજીના ખૂબખૂબ વખાણ કર્યાં.

મહિનાઓની મુસાફરી દરમિયાન ગાંધીજીએ દેશનાં તીર્થક્ષેત્રો જોયાં, ધર્મગુરુઓને મળ્યા, ગરીબ-તવંગરની તકલીફ પણ જાણી. ગાંધીજી સદાયે રેલવેના થર્ડ ક્લાસમાં બેસીને જ મુસાફરી કરતા હતા.





એ પછી ગાંધીજીએ પોતાના થોડા સાથીઓ સાથે એક આશ્રમમાં રહેવાનું નક્કી કર્યું. ઈ.સ. 1915ના મેની 25મી તારીખે અમદાવાદ નજીક કોચરબ નામના એક નાના ગામમાં આશ્રમની સ્થાપના કરવામાં આવી. એક વરસ પછી અમદાવાદ નજીક સાબરમતી નદીને કિનારે ગાંધીજીનો આશ્રમ બન્યો.

આશ્રમમાં આવવા ઈચ્છનારાં સહુએ સદાયે સાચું બોલવાની, અહિંસાપાલનની, અભયની ભાવના કેળવવાની તથા કડક આત્મ-સંયમ જાળવવાની પ્રતિજ્ઞા લેવી જરૂરી હતી. સાદગીભર્યું જીવન જીવવાનું હતું. આસપાસના લોકોની સેવા બજાવવાની હતી. લોકો જે કંઈ આપે તેના ઉપર ગુજરાન ચલાવવાનું હતું.

આશ્રમમાં 25 નર-નારીઓ હતાં. એક કુટુંબ તરીકે તેઓ ત્યાં રહેતાં હતાં.

આ આશ્રમમાં જ એક ગુજરાતી વિધવા સ્ત્રી પાસેથી ગાંધીજીને રેંટિયો મળ્યો. એ પછી ભારે આતુરતાપૂર્વક તેઓ સૂતર કાંતી એમાંથી ખાદી વણતા શીખ્યા. ત્યાર પછી ગાંધીજી અને એમના અનુયાયીઓ હાથે કાંતેલી, હાથે વણેલી ખાદી પહેરવા લાગ્યા.

થોડા મહિનાઓ પછી શ્રી અમૃતલાલ ઠક્કર (ભાવનગરના ઠક્કરબાપા)ના કહેવાથી ગાંધીજીએ એક હરિજન કુટુંબને આશ્રમમાં વસાવ્યું. હરિજન કુટુંબમાં દુદાભાઈ, દાણીબેન અને લક્ષ્મી નામની નાની દીકરી એમ ત્રણ સભ્યો હતા. આથી ગામના રૂઢિચુસ્ત હિન્દુઓ નારાજ થયા. આશ્રમને મદદ મળતી બંધ થઈ. છતાં હરિજનોને ગાંધીજીએ કાઢી ન મૂક્યા.


એક દિવસે શ્રી મગનલાલ ગાંધીએ જણાવ્યું કે આવતા મહિના માટે પૈસા રહ્યા નથી. ગાંધીજીએ આશ્રમ બંધ કરવાની તૈયારી કરી. બરાબર એ વેળાએ ગાંધીજી ઓળખતા પણ ન હતા એવા એક શ્રીમંત શેઠ મોટરમાં આવ્યા. ગાંધીજીની મુશ્કેલી સમજીને શેઠે 13 હજાર રૂપિયાની રોકડ રકમ ગાંધીજીને આપી. પોતાનું નામ ન જણાવનાર એ દરિયાદિલ સજ્જન હતા ગુજરાતના મશહૂર ઉદ્યોગપતિ શ્રી અંબાલાલ સારાભાઈ. પૈસાની આવી અણધારી સહાય મળતાં આશ્રમને જબરો ટેકો મળ્યો. આશ્રમ સમૃદ્ધ બન્યો. ગાંધીજીને આવી મદદની આશા ન હતી. આશ્રમે અસ્પૃશ્યતાનાં મૂળને હચમચાવી મૂક્યાં.



દેશના વિશાળ જનસમુદાય સાથે ગાંધીજીએ સંપર્ક જાળવી રાખ્યો. કારખાનાંના મજૂરો, ગળી અને ચાના બગીચાઓના કામદારો વગેરેને જ્યારે અન્યાય થવા જેવું લાગતું ત્યારે અવારનવાર તેઓ મદદ મેળવવા ગાંધીજીની પાસે આવતા. ગાંધીજી ભારપૂર્વક કહેતા કે સત્યમાં શ્રદ્ધા રાખવાની જરૂર છે. સાચી રીતે અને સત્યને વળગી રહી સંઘર્ષ કરવાથી એક શક્તિ પેદા થાય છે.

બિહારના ચંપારણ્યમાંથી તેડું આવતાં ગાંધીજી ત્યાં ગયા. સરકારે જિલ્લો છોડી જવાનો ગાંધીજીને હુકમ ફરમાવ્યો. ગાંધીજીએ ઈનકાર કર્યો અને એથી તેમને અદાલતમાં ખટલો ચલાવવા હાજર કરવામાં આવ્યા.

અદાલતના ખંડમાં મોટી ભીડ ભેગી થઈ. સરકાર ખટલો ચલાવવા ઈચ્છતી ન હતી. ગાંધીજીએ અપરાધ સ્વીકારી લીધો, પરંતુ કેસ તત્પૂરતો મુલતવી રહ્યો એ પછી સરકારે કેસ પાછો ખેંચી લીધો. સરકારી તપાસ હાથ ધરવામાં આવી. તપાસે કામદારોની તરફેણ કરી.





ગાંધીજીએ આમ બધી જગ્યાએ જવાનું અને બનતી મદદ કરવાનું કામ આગળ ધપાવ્યે રાખ્યું. આરામ-સુખની દરકાર કર્યા વિના તેમણે અગવડો વેઠી.

એમને એક વખત મરડાનો વ્યાધિ થયો. નડિયાદ પહોંચ્યા ત્યારે તાવ ખૂબ વધી ગયો. શરીરમાં જબરી વેદના થવા માંડી. પીડા ખૂબ થઈ. અજંપાને કારણે ગાંધીજી પથારીમાં આમથી તેમ તરફડવા લાગ્યા. વાંચી શકતા ન હતા. માંડ મુશ્કેલીથી બોલી શકતા હતા. ન કાંઈ ભોજન લેવાય. દવા પણ કંઈ લેતા ન હતા. ગાયની સાર-સંભાળ લેવાતી નથી એમ લાગતાં ગાંધીજીએ ગાયનું દૂધ ન પીવાની પ્રતિજ્ઞા લીધી હતી. આથી, ઘણાં વર્ષો પહેલાં ગાંધીજીએ તો ગાયનું દૂધ લેવાની પણ ના કહી દીધી. સહુ ભારે ચિંતામાં પડી ગયા.

ત્યારે કસ્તુરબાને વિચાર થયો કે પ્રતિજ્ઞા ફક્ત ગાયના દૂધની છે; બકરીનું દૂધ ગાંધીજી પ્રતિજ્ઞા ભંગ કર્યા વિના પી શકે છે. અને બકરીનું દૂધ ગાંધીજી પીવા લાગ્યા. આથી શક્તિ મળવા માંડી, તબિયત સુધરી અને ગાંધીજી પાછા નિરોગી બની ગયા. ત્યાર પછી તો ગાંધીજીના આહારમાં બકરીનું દૂધ એક મહત્ત્વની વસ્તુ બની.

તબિયત સુધરી રહી હતી ત્યારે સરકારે 'રૉલેટ-કાયદો' પસાર કર્યો. એની હેઠળ વ્યક્તિગત સ્વાતંત્ર્યને મર્યાદિત બનાવવામાં આવ્યું. ખટલો ચલાવ્યા વિના લોકોને જેલમાં ધકેલી દેવાની સત્તા અમલદારોને મળી. નબળાઈની પરવા કર્યા વિના 'રૉલેટ-કાયદા' સામે કઈ રીતે લડવું એ અંગે ચર્ચા કરવા ગાંધીજી મદ્રાસ ગયા.

ત્યાં શ્રી ચક્રવર્તી રાજગોપાલાચારીને ઘેર આ અંગે વિચાર કરતાં કરતાં ગાંધીજીને ઊંઘ આવી ગઈ. સાર્વજનિક હડતાળનું સ્વપ્ન જોયું. સત્યાગ્રહમાં આત્મશુદ્ધિની જરૂર છે. ગાંધીજીએ કહ્યું કે દરેક માણસ પોતાનો કામધંધો તત્પૂરતો બંધ કરીને ઉપવાસ તથા પ્રાર્થના કરવામાં દિવસ ગાળે.



એ પછી, 1919ના એપ્રિલમાં જે જે હડતાલો પડી તે ઘણી સફળ રહી. કોઈક જગ્યાએ તોફાનો થયાં. ઘણા માણસો માર્યા ગયા. દેશમાં શાંતિ સ્થાપવામાં મદદ કરવાની ગાંધીજીએ ઓફર કરી. પરંતુ તેમને તક આપવામાં ન આવી. એમના આવવા-જવાની પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ મૂકવામાં આવ્યાં.

ગાંધીજીને પંજાબની મુલાકાતે જવા દેવામાં ન આવ્યા. ત્યાં ભયંકર હુલ્લડો થયાં. અમૃતસરના જલિયાંવાલા બાગમાં એક સભા ભરવાની જાહેરાત થઈ.


જનરલ ડાયરે સભા ભરવા સામે મનાઈ હુકમ ફરમાવ્યો. જ્યારે લોકો ટોળે વળ્યા ત્યારે બહાર જવાના એકમાત્ર રસ્તાના દરવાજા રોકી, ભરેલી બંદૂકવાળા સૈનિકોને ગોઠવી દીધા. જનરલ ડાયરે ત્યાં કોઈ પણ ચેતવણી આપ્યા વિના, હથિયાર વિનાના નિર્દોષ લોકો ઉપર ગોળીબાર શરૂ કરાવ્યો. 10 મિનિટ સુધી તેમણે મોતનું આ તાંડવ ચાલુ રખાવ્યું. હાહાકાર થયો.


બહાર ભાગવાનો બીજો કોઈ રસ્તો ન હતો. બહાવરા બની જીવ બચાવવા દોડતા લોકો એક ભાડિયા કૂવામાં પડ્યા. કેટલાયે લોકો કૂવામાં પડી મર્યા. 1200થી વધુ મર્યા, 3600 ઘવાયા.





ગાંધીજીએ લોકોને કહ્યું : ‘અસહકારના આંદોલનમાં પૂરા દિલથી ટેકો આપો તો એક વર્ષમાં ‘સ્વરાજ્ય’ મળે.’ હડતાળો પડી, સભા-સરઘસો યોજાયાં, છોકરીઓએ પણ લડતમાં ઝુકાવ્યું. ગાંધીજી નિશાળો અને કૉલેજોને કારકુનો તથા સરકારી નોકરો તૈયાર કરવાનાં કારખાનાં કહેતા. આઝાદી-લડતમાં ભાગ લેવા વિદ્યાર્થીઓએ નિશાળો-કૉલેજો છોડ્યાં. વકીલોએ વકીલાત છોડી. આઝાદીના લડવૈયાઓનું કવચ બની ગઈ ખાદીટોપી અને ખાદી. રેંટિયો હિન્દુસ્તાનની મુક્તિનું એક પ્રતીક બની ગયો.






ખેડૂતો માટે રેંટિયો વધારાની આવકનું સાધન બન્યો એટલું જ નહિ, પરદેશી કાપડ ઉપરની હિન્દુસ્તાનની પરાધીનતાને નાબૂદ કરી. રેંટિયાએ દેશની જરૂર પૂરતી ખાદી દેશમાં જ પેદા કરવાની એક નૂતન શક્યતા પેદા કરી. લોકોના ચેતનવંતા પ્રાણને ઢંઢોળી જાગ્રત કરવાની ગાંધીજીમાં ગજબની શક્તિ હતી. દેશના હજારો અભણ લોકો સરળતાથી સમજી શકે એવી રીતની ભાષા ગાંધીજી બોલતા હતા. આમ ગાંધીજીને લોકોનો જબરદસ્ત ટેકો મળ્યો.





પરદેશી અને યંત્રોથી બનેલા કાપડે દેશના કુટિર ઉદ્યોગોને કેવા પાયમાલ કરી નાખ્યા છે તે બતાવવા તેમણે મુંબઈમાં પરદેશી કાપડની પ્રચંડ હોળી સળગાવી. હજારો લોકો એ જોવા ઊમટ્યા હતા. આ બનાવને યાદ કરીને ગાંધીજીએ લખ્યું : 'લોકોનાં મન ઉપર આ બનાવ જેવી બીજી કોઈ જબ્બર અસર થઈ ન જ હોત એની મને ખાતરી થઈ છે. ઉપરાંત, 'પરદેશી કાપડ પહેરવું એક પાપ છે. આથી પરદેશી કાપડની હોળી સળગાવી દઈને હું મારી શરમની હોળી કરું છું.' એક લંગોટી જેવી ટૂંકી પોતડી પહેરીને ગાંધીજી હિન્દુસ્તાનના એક અદના આદમી – ખેડૂતના ખરા પ્રતિનિધિ બની ગયા હતા. એમનો અવાજ દેશ આખાનો અવાજ બની ગયો હતો. તવારીખ બતાવી આપે છે કે રાજકારણમાં પહેલી જ વખત, ગાંધીજીએ, હિન્દુસ્તાનના લોકસમુદાયના મનમાં રસ રેડ્યો.

'સ્વદેશી આંદોલન' ખૂબ જ સફળ થયું. ગાંધીજી દરરોજ નિયમિત રેંટિયો કાંતવા બેસતા. રોજ રેંટિયો કાંતવાની તેમણે લોકોમાં આદત પાડી.



હિન્દુસ્તાનનાં ગામડાં વીસેક લાખ રેંટિયાઓના સંગીતથી **ગુંજારવ** કરવા લાગ્યાં. કાપડમાં પગભર થવાની દેશની તમન્નામાં રેંટિયો એક સ્નેહપૂર્ણ રાષ્ટ્રીય નિશાન જેવો બની ગયો. રેંટિયો, તકલી અને ખાદીની પ્રશંસાનાં ગીતો લખાયાં, ગવાયાં. રેંટિયો ઘરમાં રાખવો અને રેંટિયો કાંતવો એ ગૌરવ સમાન ગણાવા લાગ્યું. રેંટિયા અંગે અવનવા પ્રયોગો થયા. જુદા જુદા આકારના અને સહેલાઈથી લઈ જઈ શકાય એવા રેંટિયા બન્યા. 'સવિનય ભંગની લડત' આગળ ચાલી.



પરંતુ લડતમાં હિંસા પણ ભળવા માંડી અને એ કારણે ગાંધીજીએ આ આંદોલન પાછું ખેંચી લીધું.




આમ છતાં, 'યંગ ઈન્ડિયા' નામના અઠવાડિક પત્રમાં ટીકા કરતા લેખ લખવા સબબ, ઈ.સ. 1922ના માર્ચમાં, ગાંધીજીને પકડી સાબરમતી જેલમાં લઈ જવાયા. ખટલો અમદાવાદમાં ચાલ્યો. તાપસ જેવું સુકલકડી શરીર, ધીરગંભીર શાંત ચહેરો અને જાડી ખડબચડી પોતડી પહેરેલા ગાંધીજી જ્યારે અદાલતમાં આવ્યા ત્યારે આદરપૂર્વક સહુ ઊભા થઈ ગયા. ખટલો ચાલ્યો.

ગાંધીજીએ એ વખતની ચાલુ સરકારી રીત-રસમને વખોડી કાઢી. તેમણે કહ્યું કે : 'આ એક ખરાબ વસ્તુ છે. આવી સરકારની વિરુદ્ધમાં મેં લોકોને ઉપદેશ કર્યો છે એ વાત સાચી છે; હું એનો સ્વીકાર પણ કરું છું, પરંતુ મારું હથિયાર અહિંસા છે.' ગાંધીજીને છ વર્ષની કેદની સજા ફરમાવવામાં આવી.

દુનિયાભરમાં આ ખટલાને કારણે એટલો બધો રસ જાગ્યો કે એ પછી અંગ્રેજોએ ક્યારેય ગાંધીજી સામે જાહેરમાં મુકદમો ચલાવવાની કોશિશ કરી ન હતી.

જેલમાં ગાંધીજીએ 'આત્મકથા' પુસ્તક લખ્યું. જેલમાં લખાયેલાં મહાન પુસ્તકોમાં આત્મકથાનું અનેરું સ્થાન ગણાય છે. ત્યાં વાંચવા-લખવાનો તેમને ઘણો વખત મળ્યો. આ સમયનો ગાંધીજીએ સુંદર ઉપયોગ કર્યો.





ઈ.સ. 1924ની શરૂઆતમાં ગાંધીજી સખત બીમાર પડ્યા. પેટમાં ખૂબ દર્દ થવા લાગ્યું. સખત તાવ પણ આવ્યો. પૂનાની એક ઇસ્પિતાલમાં લઈ જવામાં આવ્યા. ત્યાં 'ઍપેન્ડિસાઈટીસ'નું ઑપરેશન ચાલુ હતું અને વીજળી બંધ પડી ગઈ. ફાનસના અજવાળામાં ડૉક્ટરોએ ઑપરેશનનું કામ પૂરું કર્યું. ઈ.સ. 1924માં તેમને છોડી મૂકવામાં આવ્યા.

ગાંધીજીને મુંબઈના દરિયાકિનારે જૂહુના એક બંગલે રાખવામાં આવ્યા. તબિયત સુધરી રહી હતી ત્યારે દેશના કેટલાયે વિસ્તારોમાં હુલ્લડો ફાટી નીકળ્યાં.

તબિયત નબળી હોવા છતાં લોકોનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરવા 21મી સપ્ટેમ્બરે ગાંધીજીએ 21 દિવસના ઉપવાસ શરૂ કરવાનું નક્કી કર્યું. ઉપવાસના ખબરની તરત જ અસર થઈ. તોફાનો શાંત થયાં. જીવને જોખમે અને પરમેશ્વરના ભરોસે 21 દિવસના ઉપવાસ પૂરા કર્યા.





ગાંધીજીએ હવે રચનાત્મક કાર્યો ઉપર ધ્યાન આપ્યું. સાથે સાથે સરકારની પ્રવૃત્તિ તરફ પણ નજર રાખતા રહ્યા. લોકોને સલાહ તથા પગભર થવાની પ્રેરણા આપતા રહ્યા.


ઈ.સ. 1930માં ગાંધીજીએ મીઠા ઉપરનો કર નાબૂદ કરી દેવાનું વાઈસરૉયને જણાવ્યું. ગાંધીજી માનતા હતા કે ભોજનમાં સહુને મીઠું જરૂરી છે, એના કરનો સૌથી વધારે ભાર ગરીબો ઉપર પડે છે. જો મીઠા ઉપરનો કર નાબૂદ થાય તો ગરીબોને સૌથી વધારે ફાયદો થાય.

સરકારે સાફ ના કહી. એથી ગાંધીજીએ જાહેર કર્યું કે હું કાયદાનો જાહેરમાં ભંગ કરી મીઠું પકવીશ.


આ માટે અમદાવાદ આશ્રમથી 200 માઈલ જેટલે દૂર સાગરકાંઠા ઉપરનું દાંડી નામનું ગામ ગાંધીજીએ પસંદ કર્યું. માર્ચની 12મી તારીખે સવારે સાડા છ વાગે આશ્રમના 79 અનુયાયીઓ સાથે મશહૂર દાંડીકૂચ શરૂ કરી.

જ્યાં સુધી મીઠા ઉપરનો કર નાબૂદ ન થાય ત્યાં સુધી પાછા નહિ ફરવાની સહુએ પ્રતિજ્ઞા લીધી. ગાંધીજીના મોઢા ઉપર મોહક મલકાટ હતો. હાથમાં લાકડી હતી. આંખમાં મક્કમ ઈરાદાનું સૌમ્ય તેજ ઝળહળી રહ્યું હતું. દાંડીકૂચ તેમ જ મીઠું પકવવાનો સંદેશ દૂર દૂર સુધી પહોંચી ગયો.


જગતની કોઈ સત્તાથી નહિ ડરતા એવા લોકોના આ લાડીલા નેતાને અભિનંદન આપવા હજારો લોકો આવ્યા. એમાંના સેંકડો લોકો કૂચમાં પણ જોડાયા.











આ ઐતિહાસિક 'દાંડીકૂચ'માં પંડિત જવાહરલાલ નહેરુ પણ થોડો વખત જોડાયા હતા. તેમણે એ પ્રસંગનું વર્ણન કરતાં લખ્યું છે કે, 'મેં ગાંધીજીને જોયા. હાથમાં લાંબી લાકડી સાથે સાથીઓની મોખરે તેઓ મક્કમ ડગલાં ભરી રહ્યા હતા. નીડર છતાં શાંતિપૂર્ણ તેજથી એમની આંખો ચમકતી હતી. એ પ્રસંગ દિલને ડોલાવનારો હતો.' સત્યાગ્રહીઓ 24 દિવસ પછી, દાંડીના દરિયાકિનારા ઉપર પહોંચ્યા. તે દિવસે પાંચમી એપ્રિલ હતી. રાત્રે તેમણે ઉપવાસ અને પ્રાર્થના કરી. સવારે સહુએ સમુદ્રસ્નાન કર્યું. સવારે સાડાઆઠ વાગે ત્યાંના મીઠાના થરમાંથી ગાંધીજીએ નીચા નમી એક મૂઠી ભરી મીઠું ઉપાડ્યું. આ સાધારણ ક્રિયાથી તેમણે મીઠાનો કાયદો તોડ્યો. ત્યાં ભેગા થયેલા લોકોએ જયજયકાર કરી વાતાવરણ ગજાવ્યું. સત્યાગ્રહીઓનાં મન આનંદવિભોર બન્યાં.

શ્રીમતી સરોજિની નાયડુ ઉત્સાહના આવેગમાં બોલી ઊઠ્યાં : 'મુક્તિદાતા ગાંધી, તારી જય હો.'

દેશભરમાં આ સંકેતની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી. દેશભરમાંનાં ગામ, નગર અને શહેરમાં સ્ત્રી-પુરુષો સરકારી કર આપ્યા વિના મીઠું બનાવવા લાગ્યાં, વેચવા માંડ્યાં. સરકારે મેની ચોથી તારીખે ગાંધીજીની ધરપકડ કરી. પૂના નજીકની યરવડા જેલમાં ગાંધીજીને ખસેડવામાં આવ્યા.

હવે સત્યાગ્રહીઓના નેતા બન્યાં શ્રીમતી સરોજિની નાયડુ. ગાંધીજી ધારાસણા જવાના હતા એ યોજના સરોજિની નાયડુએ આગળ ધપાવી. એમની પ્રેરણા હેઠળ 2,500 જેટલા અહિંસક સત્યાગ્રહીઓએ ધારાસણા ખાતેના મીઠાના અગર ઉપર હુમલો કર્યો. મીઠું પકવવાના અગરની ચારે તરફ કાંટાવાળા તારની વાડ ઊભી કરવામાં આવી હતી. ખાઈઓ ખોદવામાં આવી હતી. 400 લાઠીધારી અને 25 બંદૂકધારી સિપાહી ત્યાં ઊભા હતા.

આ વાડથી થોડેક દૂર સત્યાગ્રહીઓ અટક્યા. એક ટુકડી ખાઈ વટાવીને કાંટાળા તાર ભણી આગળ ધપી. સિપાહીઓએ સત્યાગ્રહીઓને પડકાર્યા અને લોઢાની કડિયાળી ડાંગો એમના માથે ફટકારવા માંડ્યા.





સ્વબચાવ માટે ય એકે સત્યાગ્રહીએ સામો હાથ ન ઉઠાવ્યો. કોઈ ગબડી પડ્યા. કોઈ અસહ્ય દર્દથી બેભાન બની લથડી પડ્યા. કોઈનાં માથાં ભાંગ્યાં. કોઈનાં હાડકાં તૂટ્યાં. સફેદ કપડાં લોહીથી રંગાયાં. નીડર સત્યાગ્રહીઓની એક ટુકડી પડે ત્યાં બીજી ટુકડી પહોંચી જતી હતી. શાંતિને વરેલા દેશના આ લાડકવાયા, સિપાહી સામે ન લડ્યા, ન મથામણ કરી કે ન અહિંસાવ્રત તોડતું કંઈ પણ આચરણ કર્યું. બ્રિટિશ સરકારનાં આવાં જંગલી જુલમી પગલાંને કારણે આખો દેશ એનો વિરોધી બની ગયો. સત્યાગ્રહીઓની અનન્ય અહિંસા, આત્મબળ અને ફના થઈ જઈને દેશને આઝાદ બનાવવાની તમન્નાએ લોકોનાં મનમાં આદરભાવ પેદા કર્યો. સ્ત્રી-પુરુષો છડેચૉક મોટી સંખ્યામાં આગળ આવીને સત્યાગ્રહમાં સામેલ થવા લાગ્યાં.

દેશભરમાંના સત્યાગ્રહોમાં માતૃભૂમિને આઝાદ કરાવવા મથતા સપૂતોની અનન્ય અહિંસક બહાદુરી, દેશપ્રેમ અને હિમાલય સમાન દૃઢ મનોબળનાં દર્શન થયાં. સ્ત્રીશક્તિ પણ ઘર-બાર છોડી આઝાદી-સંગ્રામના મેદાનમાં ઊતરી આવી, પુરુષ સમોવડી બની રહી. યુવક-યુવતીઓનાં મન નૂતન જાગૃતિથી થનગની ઊઠ્યાં. હવે હિન્દુસ્તાનની ધરતી ઉપર બ્રિટિશ સરકારનું રાજ્ય સાંખી લેવા લોકો જરાપણ તૈયાર ન હતા. આઝાદી મેળવવા વિરાટજનતાનો પ્રાણ ઝંખી રહ્યો હતો.

nbt.india

एकः सूते सकलम्

Printed at: Gita Offset Printers Pvt. Ltd., New Delhi-110020